મહાત્મા મંદિરે કેબલ સ્ટેડ બ્રિજ અને મ્યુઝિયમ બનશે

હવે ફેઈઝ-૨બીના પ્રોજેક્ટનું કામ હાથ ધરાશે : ટેરેસ ગાર્ડન અને પાર્કીંગ સહિતની સુવિધા ઉપલબ્ધ થશે

ગાંધીનગર, તા.૨૦

મહાત્મા મંદિરના ત્રણ તબક્કાના આયોજન સંદર્ભે હવે ફેઈઝ-૨-બીના પ્રોજેક્ટનું કામ હાથ ધરાશે. જેમાં કલકત્તાના હાવરાબ્રિજની પેટર્ન મુજબ કેબલ સ્ટેડ બ્રિજ બાંધવામાં આવશે. આ ઉપરાંત સોલ્ટ માઉન્ટને લઈ ત્રણ માળનું મ્યુઝિયમ તેમજ ટેરેસ ગાર્ડનનું પણ નિર્માણ કરાશે. જો કે આ પ્રોજેક્ટ અન્વયે જવાબદાર એજન્સી નિયત કરાયા બાદ આખરી આયોજન કરવામાં આવશે. ફેઈઝ ૨ બીની કામગીરી અન્વયે ખૂટતી તમામ સુવિધાઓ ઉપલબ્ધ કરવામાં આવશે.

શહેરના મધ્ય વિસ્તારમાં ગ-૪ થી ચ-૪ વચ્ચેના બેલ્ટમાં સ્વર્ણિમ પાર્કના મહત્વાકાંક્ષી પ્રોજેક્ટનું કામ હાથ ધરવામાં આવ્યું છે. જયારે આ યોજનાના પ્રારંભે મહાત્મા મંદિરના અદભૂત પ્રોજેક્ટનું કામ હાથ ધરવામાં આવ્યું છે. આ સ્થળે મહાત્મા મંદિર, કન્વેશનલ હોલનું નિર્માણ કરવામાં આવ્યું છે. જયારે ગાંધી ગાર્ડન તેમજ સોલ્ટ માઉન્ટની અદભૂત પ્રતિકૃતિ તૈયાર કરવાનું પણ મોટાભાગનું કામ પૂર્ણ કરી દેવાયું છે. વિભાગના અંતરંગ

● અનુસંધાન પાન-૭ પર

ખૂણે... ...ખાંચરેથી

- ગાંધીનગરના મેયરશ્રી મહેન્દ્રસિંહ રાણા તથા ભાજપના નેતા શ્રી મનુભાઈ પટેલ ભાદરવી પૂનમના દિવસે મા અંબાના દર્શન કરવા અંબાજી ગયા હતા.
- ગાંધીનગરના સંગીત રસિકો માટે આજથી શિવરંજની દ્વારા ત્રિદિવસીય સ્વરોત્સવનો પ્રારંભ થઈ રહ્યો છે. આ સ્વરોત્સવનું દીપ પ્રાગટ્ય વિભા દેસાઈ, સૌમિલ મુન્શી, નયન પંચોલી, અભેસિંહ રાઠોડ તથા બિહારી હેમુ ગઢવી કરશે.
- આજે ઉત્તર ગુજરાતની મહિલા કોંગ્રેસની એક મહત્વની બેઠક ગાંધીનગરમાં મળી હતી જેમાં લોકસભાની ચૂંટણીને લઈ ચર્ચાઓ થઈ હતી.
- ઈન્ડિયન મેડીકલ એસો.ના હોદ્દેદારોની ચૂંટણી સમરસ બની છે.
- ગાંધીનગરમાં મુકાયેલ ટ્રાફિક સિગ્નલો મોડી રાત્રે જ કાર્યરત થાય છે અને સવાર સુધી તે ચાલે છે.
- ગાંધીનગર સે. ૨૮ જી.આઈ.ડી.સી.માં એક કુતરૂ મરી જતાં બે દિવસથી તંત્ર દ્વારા તેનો નિકાલ ના થતાં હવે સમગ્ર પંથક દુર્ગંધ મારી રહ્યો છે.
- કોર્પોરેશનની આજની સામાન્ય સભામાં ભાજપના આશિષ દવે તથા કોંગ્રેસમાંથી રંજનબેન ખાંટ ગેરહાજર રહ્યા હતા.
- જિલ્લા પોલીસ વડાના અંગત મદદનીશ શ્રી પ્રવિણસિંહ વલેરાને ચિકનગુનિયા થયો છે.
- શુક્રવારની સાંજે સેકટર-૮માં એક કલાકથી વધુ સમય માટે વિજપુરવઠો ખોરવાતા વસાહતીઓ ગરમીમાં શેકાયા હતા.
- મોડી સાંજે બે પી.એસ.આઈ. બદલાયા, ઈન્ફોસીટી ચોકીમાંથી એ.જી. રાઠોડને રખિયાલ અને રખિયાલના પી.એસ.આઈ. કે. ડી. પ્રજાપતિની ઈન્ફોસીટી ખાતે આંતરિક બદલીના હુકમો કરાયા છે.

ગરમીએ છેલ્લા સાત વર્ષનો રેકોર્ડ તોડયો

(તસવીર : દિપક જાની)

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગરમાં છેલ્લા ઘણા દિવસોથી ખુબ આકરો તાપ અને ગરમી પડી રહી છે. અસહ્ય ગરમીની અસર જનજીવન પર પણ જોવા મળી રહી છે. આ વર્ષે તો ભાદરવા મહિનાની રેકોર્ડ બ્રેક ગરમી નોંધાઈ છે. ગુરૂવારે મહત્તમ તાપમાન ૩૮.૨ ડિ.સે. સુધી પહોંચ્યું હતું. જે છેલ્લા સાત વર્ષનું સૌથી ઉંચું તાપમાન છે. ગરમીએ ત્રાહીમામ પોકારાવી દીધો છે. ઉનાળાની ઋતુ પાછી ફરી હોય તેવો આકરો તડકો આજકાલ પડી રહ્યો છે. વૈશાખ મહિનાને પણ સારો કહેવડાવે તેવું વાતાવરણ આજકાલ છે. ચામડીને દઝાડતો તડકો, બફારો અને પરસેવો ગરમીને અસહ્ય બનાવી રહ્યા છે. વળી પવન સાવ બંધ હોવાથી ગરમીનો અનુભવ વધુ થાય છે. પરસેવાના રેલેરેલા ઉતરી રહ્યા છે. આકરી ગરમીની અસર જનજીવન પર પણ જોવા મળી રહી છે. લોકો ખુબ જ જરૂરી હોય તો જ ઘરની બહાર નીકળવાનું પસંદ કરે છે. તે સિવાય આખો દિવસ વસાહતીઓ ઘરની અંદર જ પુરાઈ રહે છે. છેલ્લા સાત વર્ષની રેકોર્ડ ગરમી આ વર્ષે પડતા વસાહતીઓની મુશ્કેલીઓમાં વધારો થયો છે. છેલ્લા સાત વર્ષના મહત્તમ તાપમાનની સરખામણી કરીએ તો ૨૦૦૭ના વર્ષમાં સપ્ટેમ્બર માસની ૧૯ તારીખે ૩૪.૬ ડિ.સે. સૌથી વધુ ગરમી પડી હતી ત્યારબાદ ૨૦૦૮માં ૩જી સપ્ટેમ્બરે ૩૫.૯ ડિ.સે. ૨૦૦૯માં ૩૦મી સપ્ટેમ્બરે ૩૭.૬ ડિ.સે., ૨૦૧૦માં ૨૬મી સપ્ટેમ્બરે ૩૬.૦ ડિ.સે., ૨૦૧૧માં ૩૦મી સપ્ટેમ્બરે ૩૪.૨ ડિ.સે. ૨૦૧૨માં ૨૯મી સપ્ટેમ્બરે ૩૬.૫ ડિ.સે. અને આ વર્ષે એટલે કે ૨૦૧૩ના ૧૯મી સપ્ટેમ્બરે સૌથી વધુ ૩૮.૨ ડિ.સે. તાપમાન નોંધાયું હતું. વળી છેલ્લા કેટલાય દિવસોથી વરસાદ સાવ બંધ થઈ જતા ગરમીની અસર વધુ લાગી રહી છે.

ઘ-૦ પાસે પેટ્રોલપંપ પર ધમાલ

ધારીયા લઈને ટોળકી આવી : બાઈકમાં પેટ્રોલ પુરાવવાના મામલે ગાળાગાળી થયા બાદ મામલો બિચક્યો : દિવસભર પંપ બંધ રાખવો પડ્યો : પરિસ્થિતિ વણસે નહીં તે માટે પોલીસ ઊભી કરી દેવાઈ

ગાંધીનગર, તા. ૨૦

શહેરના ઈન્ફોસીટી પાસે આવેલા પેટ્રોલ પંપ પર આજે બપોરના સુમારે બાઈકમાં પેટ્રોલ પુરાવતી વખતે નોઝલ છટકી જતાં પેટ્રોલ ઓછુ પુર્યુ હોવાના આક્ષેપ સાથે પેટ્રોલપંપના સ્ટાફ સાથે ગાળાગાળી થયા બાદ બાઈક પર આવેલુ દંપતિ નીકળી ગયું હતું. અડધા કલાકમાં તે દંપતી પરત આવ્યું હતું તેમની સાથે ધારીયા અને લાકડી લઈને ટોળકી આવી પહોંચી હતી અને પેટ્રોલપંપ સ્ટાફને લાકડીથી ફટકાર્યા હતા. પેટ્રોલ પંપનો સ્ટાફ ત્યાંથી ભાગી ગયો હતો. આખો દિવસ પંપ બંધ રાખવો પડ્યો હતો અને પોલીસને તૈનાત કરી દેવામાં આવી હતી. જો કે આ પ્રકરણ બાદ પેટ્રોલ પુરાવવા આવેલો યુવક સિવિલ હોસ્પિટલમાં દાખલ થયો હતો. હજુ સુધી આ મામલે પોલીસ ફરીયાદ નોંધાવા પામી નથી.

ઈન્ફોસીટી ઘ-૦ પાસે સ્થિત પેટ્રોલ પંપમાં આજે બપોરે ૧૨ વાગ્યાના અરસામાં બાઈકમાં પેટ્રોલ પુરાવાનું શરૂ કર્યું તે સમયે નોઝલ અચાનક છટકી જતાં ફરીવાર નોઝલ દબાવીને પેટ્રોલ ભર્યુ હતુ. આ દૃશ્ય બાઈકમાં પેટ્રોલ પુરાવી રહેલો યુવાન જોઈ જતાં તેને લાગ્યું કે જમ્પ મારીને પેટ્રોલમાં ગાપચી મારી છે. યુવક અને પેટ્રોલપંપ સ્ટાફ વચ્ચે પાંચેક મીનીટ બોલાચાલી અને ગાળાગાળી થયા બાદ બાઈક લઈને દંપતી જતુ રહ્યુ હતુ. અડધા કલાક બાદ લાકડીઓ અને ધારીયા જેવા હિંસક હથિયારો સાથે ટોળકી લઈને તે દંપતી પરત પેટ્રોલ પંપે આવ્યું અને ધમાલ શરૂ કરી દીધી હતી. પેટ્રોલપંપના એક માણસને લાકડી વડે માર મારતા જોઈને આખો સ્ટાફ ત્યાંથી ભાગી ગયો હતો. પોલીસને બોલાવી લેવાતા સે. ૭ પોલીસની પી.સી.આર. વાન આવી ગઈ હતી. ઝપાઝપીમાં બાઈકવાળા યુવકને પણ સામાન્ય ઈજા થતાં તે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ દાખલ થયો હોવાનું જાણવા મળ્યું છે. જો કે આ બનાવ અંગે ફરીયાદ દાખલ થવા પામી નથી. પેટ્રોલ પંપ દિવસભર બંધ રાખવો પડ્યો હતો અને પોલીસ ગોઠવી દેવામાં આવી હતી.

અલ્ઝાઈમર્સ ડીસઓર્ડર (ડીમેન્શીયા) મોટી ઉંમરે થતી ભૂલી જવાની બીમારી

ગાંધીનગર, તા. ૨૦

એકવીસમી સદી એટલે માનવજાતના વિકાસની સદી. આ સદીમાં માનવીનો સૌથી વધુ અને સર્વાંગી વિકાસ થયો છે. આ સદીમાં માનવીની ઉંમર વધી છે. લાઈફ સ્પાન વધ્યો છે આપણે વધારે તંદુરસ્ત અને આનંદદાયક જીવન જીવી રહ્યા છીએ. આપણી સુખ-સગવડો, લાઈફ સ્પાન વધવાની સાથે સાથે આપણી સમસ્યાઓ પણ વધતી ગઈ છે. એકવીસમી સદીની આ એક નવી સમસ્યા છે. અલ્ઝાઈમર ડીસઓર્ડર -મોટી ઉંમરે થતી ભૂલી જવાની બીમારી જેમાં માનવીની યાદશક્તિ ઓછી થાય સાથે સાથે એની સમજશક્તિ અને બુદ્ધિશક્તિ ક્ષીણ થાય છે. આજે ૨૧મી સપ્ટેમ્બરે વિશ્વ અલ્ઝાઈમર્સ ડે ની ઉજવણી સમગ્ર વિશ્વમાં થાય છે. અને આ રોગના દર્દીઓની સમસ્યાઓને સમજવાનો પ્રયાસ થાય છે. ઈશ્વરકાકા ૬૫ વર્ષના છે. તેમને કોઈપણ પ્રકારનો માનસિક તથા શારીરિક રોગ નથી પરંતુ છેલ્લા છ મહિનાથી પોતાની વસ્તુઓ ગમે ત્યાં ભૂલી જાય છે. પોતાનું પાકીટ, ચંપલ ચાવીઓ ગમે ત્યાં મુકી આવે છે પછી શોધાશોધ કરે છે. બહાર જાય છે પરંતુ પોતાના ઘરનો રસ્તો ભૂલી જાય છે તેઓ પોતાનો ઘર નંબર, સોસાયટીનું નામ અને ટેલીફોન નંબર પણ ભૂલી જાય છે. પોતાના પુત્રો તથા પુત્રીઓના નામ પણ ભૂલી જાય છે.

આજે વિશ્વ અલ્ઝાઈમર્સ ડે

અલ્ઝામરના આવા જ એક દર્દી સીતાબેન ૬૦ વર્ષના છે. તેઓ હમણાંથી ભૂલકણાં સ્વભાવના થઈ ગયા છે. તેઓ વારેઘડીએ બેધ્યાન થઈ જાય છે. પોતાનું ઘર ભૂલી જાય છે. ટૂથબ્રશ કરવાનું ભૂલી જાય છે, સ્નાન કરવાનું ભૂલી જાય છે. તેમને ઘણીવાર કપડાં પહેરવાનું ભાન નથી રહેતુ. વારેઘડીએ ગુસ્સે થઈ જાય છે. ૫૦ વર્ષ પહેલાનું બધું જ યાદ છે પણ બે દિવસ પહેલાનાં કોઈપણ બનાવો યાદ નથી.

ઈશ્વરકાકા તથા ગીતાબેનને અલ્ઝાઈમર્સ નામના રોગનો ભોગ બનેલા છે. આ રોગમાં વ્યક્તિ વધુ ભૂલી જાય છે. વિચારવાની શક્તિ ખોઈ બેસે છે. પોતાનું જીવન વ્યવસ્થિત જીવી શકતો નથી તેની યાદશક્તિ સમજશક્તિ વિચારશક્તિ તથા બુદ્ધિશક્તિમાં ઘટાડો જોવા મળે છે. આ રોગની શોધ અલ્ઝાઈમર નામના ડૉક્ટરે કરી હતી. તેના નામ પરથી આ રોગનું નામ અલ્ઝાઈમર ડીસઓર્ડર રાખવામાં આવ્યું છે.

સામાન્ય રીતે ૬૦ વર્ષની ઉંમર પછી થતો રોગ છે. ૬૫ વર્ષ પછી ૫ ટકા વૃદ્ધોમાં આ રોગ જોવા મળે છે. ૭૫ વર્ષ પછી ૨૦ ટકા લોકોમાં આ રોગ થાય છે. એટલે કે ૭૫ વર્ષ પછી દર પાંચ વૃદ્ધોમાંથી એક વૃદ્ધને આ રોગ થાય છે.

અલ્ઝાઈમર્સ ડીસઓર્ડરના કારણોમાં આપણી

● અનુસંધાન પાન-૭ પર

Y.A. MANSURI
M. : 9824049503
SANJAY S. SHAH
P. Manubhai Medical
Since 1986
॥ अभय ॥
Government Approved Contractor
• Corporate Gathering • Celebrations • Marriage
• Exhibitions • Reception • Parties • Seminars
ABHAY DECORATORS
CORRESPONDENCE OFFICE
Plot No. 6-192, 193, 194,
Bhi. Videocon Factory, Electronics Estate,
GIDC, Sector-26, Gandhinagar.
Ph. : 079-232 87364, Fax : 079-232 87292
HEAD OFFICE : 8-203, Aman Flats, Opp. B.J.P. Office,
J.P. Chowk, Chanpur, Ahmedabad. Ph. : 079-25585243
email : info@abhaydecorators, www.abhaydecorators.com

મતદારયાદીની સુધારણા-૨૦૧૩

મતદારયાદી સુધારણા કાર્યક્રમ-૨૦૧૪ અંતર્ગત આપનું નામ મતદારયાદીમાં નોંધાવવા માટેની અમૂલ્ય તક....

આપે આપનું નામ મતદારયાદીમાં ચકાસી લીધું છે ?

જો ના, તો મતદારયાદીનો મુસદ્દો તા. ૬-૯-૨૦૧૩ના રોજ પ્રસિદ્ધ થઈ ગયેલ છે જે તા.૫-૧૦-૨૦૧૩ સુધી નીચે જણાવેલ સ્થળોએ રાખેલ છે, જ્યાં આપ આપના નામની સામે આપના ફોટાની પણ રૂબરૂ ચકાસણી કરી શકશો.

- કલેક્ટર કચેરી
- મતદાર નોંધણી અધિકારી / પ્રાંત અધિકારીની કચેરી
- મામલતદાર કચેરી
- મ્યુનિસિપલ કોર્પોરેશનની વોર્ડ કચેરી
- ગ્રામ પંચાયતની કચેરી
- મ્યુનિસિપાલિટી

મતદારયાદીમાં નામ નોંધાવવા, રદ કરાવવા, કોઈ નામ સામે વાંધો લેવા અને નામ તથા અન્ય વિગતો સુધારવા શું કરશો ?

- તા. ૧-૧-૨૦૧૪ના રોજ ૧૮ વર્ષ કે તેથી વધુ ઉંમરના મતદારનું નામ નોંધાવવા માટે નમૂના-૬ (ઉંમર તથા રહેઠાણના પુરાવા સહિત)માં અરજીકરવી.
- નમૂના-૬માં આપના પાસપોર્ટ સાઈઝનો કલર ફોટોગ્રાફ નિયત જગ્યાએ ચોંટાડવો, જેથી નામ દાખલ કરતી વખતે મતદારયાદીમાં આપના નામની સામે આપનો ફોટો પણ આવી શકે.
- મતદારયાદીમાં કોઈ નામ સામે વાંધો લેવાનો હોય તો તે માટે અથવા મતદારયાદીમાંથી નામ રદ કરાવવા માટે નમૂના-૭માં અરજી કવી.
- મતદારયાદીમાં નોંધાયેલ પોતાનું નામ તથા અન્ય વિગતો સુધારવા નમૂના-૮માં અરજી કરવી.
- એક જ વિધાનસભા મતવિભાગના એક ભાગમાંથી બીજા ભાગમાં નામ તબદીલ કરવા માટે નમૂના-૮(ક)માં અરજી કરવી.

ઉપર્યુક્ત નમૂના કલેક્ટર કચેરી, મતદાર નોંધણી અધિકારી / પ્રાંત અધિકારીની કચેરી, મામલતદાર કચેરીમાંથી વિનામૂલ્યે મેળવી શકશો તેમજ આ નમૂના ભરીને જરૂરી પૂરાવા સાથે ત્યાં જ આપી શકશો. ઉપરાંત મુખ્ય નિર્વાચન અધિકારીની વેબસાઈટ www.ceo.gujarat.gov.in પર આપ ઓનલાઈન અરજી પણ કરી શકશો. આપ આપના નજીકના e-gram સેન્ટર ઉપર જઈને પણ વિગતો ચકાસી શકશો અને ઓનલાઈન અરજી પણ કરી શકશો.

તા. ૨૨ અને ૨૯-૯-૨૦૧૩ના રોજ ખાસ ઝુંબેશના દિવસોએ સવારે ૯-૦૦ થી સાંજે ૬-૦૦ કલાક દરમિયાન આપના વિસ્તારના મતદાન મથકોએ પણ આ નમૂના મેળવી શકશો તેમજ ભરેલ અરજીઓ તે જ સ્થળોએ પરત આપી શકશો.

યાદ રાખો

એક જ મતદાર વિભાગમાં એક કરતાં વધુ વખત અથવા એક કરતાં વધારે મતવિભાગની મતદારયાદીમાં નામ નોંધાયેલ હોવું તે લોકપ્રતિનિધિત્વ ધારાની જોગવાઈ હેઠળ સજાને પાત્ર ગુનો બને છે.

અરજી કરવાની તારીખ : ૫-૧૦-૨૦૧૩

વધુ વિગતો માટે ૧૯૫૦ નંબર ઉપર સંપર્ક કરો

અથવા આપના જિલ્લાની કલેક્ટર કચેરી ખાતે નીચે જણાવેલ ફોન નંબર ઉપરની હેલ્પલાઈન ઉપર સવારના ૧૦-૩૦ થી સાંજે ૬-૦૦ દરમિયાન ફોન કરીને મેળવી શકશો. આ હેલ્પલાઈન તા. ૫-૦-૨૦૧૩ સુધી કાર્યરત છે.

જિલ્લાનું નામ	ફોન નંબર	જિલ્લાનું નામ	ફોન નંબર	જિલ્લાનું નામ	ફોન નંબર
કચ્છ	૦૨૮૩૨-૨૫૪૦૫૩	જામનગર	૦૨૮૮-૨૫૫૧૦૨૦	વડોદરા	૦૨૬૫-૨૪૨૦૦૦૦
બનાસકાંઠા	૦૨૭૪૨-૨૫૧૭૦૭	પોરબંદર	૦૨૮૬-૨૨૨૦૧૦૦	નર્મદા	૦૨૬૪૦-૨૨૦૬૩૪
પાટણ	૦૨૭૬૬-૨૨૬૬૦૦	જૂનાગઢ	૦૨૮૫-૨૬૩૧૧૭૭	ભરૂચ	૦૨૬૪૨-૨૬૦૧૮૨
મહેસાણા	૦૨૭૬૨-૨૨૦૪૨૩	અમરેલી	૦૨૭૯૨-૨૩૪૦૦૩	સુરત	૦૨૬૧-૨૪૬૪૭૯૧
સાબરકાંઠા	૦૨૭૭૨-૨૪૩૭૦૦	ભાવનગર	૦૨૭૮-૨૫૧૨૧૧૧	ડાંગ	૦૨૬૩૧-૨૨૦૨૭૨
ગાંધીનગર	૦૭૯-૨૩૨૫૧૨૪૫	આણંદ	૦૨૬૯૨-૨૬૩૮૮૨	નવસારી	૦૨૬૩૭-૨૮૦૦૦૧
અમદાવાદ	૦૭૯-૨૭૫૫૯૦૦૦	ખેડા	૦૨૬૮-૨૫૬૩૩૪૧	વલસાડ	૦૨૬૩૨-૨૪૪૩૭૬
સુરેન્દ્રનગર	૦૨૭૫૨-૨૮૨૬૬૬	પંચમહાલ	૦૨૬૭૨-૨૪૧૨૮૮	તાપી	૦૨૬૨૬-૨૨૧૧૮૫
રાજકોટ	૦૨૮૧-૨૪૫૦૬૭૧	દાહોદ	૦૨૬૭૩-૨૩૯૨૩૧		

આપની પાસે મતદાર ફોટોઓળખપત્ર હશે પણ મતદારયાદીમાં નામ નહીં હોય તો આપ મતદાન કરી શકશો નહી, આથી જો ફોટો ઓળખપત્ર હોય તો પણ મતદારયાદીમાં આપનું નામ ચકાસી લો કે જેથી વિધાનસભાની આગામી ચૂંટણીમાં મતદાન કરવામાં આપને મુશ્કેલી ન પડે.

માહિતી/૧૨૬૭/૧૩-૧૪ - મુખ્ય ચૂંટણી અધિકારી, ગુજરાત રાજ્ય

SANGHI CEMENT
Turning Dreams into Concrete Reality
C. C. C. (Customer Care Centre)
Gandhinagar District
VINAYAK 500
TMT BARS - ISI
ડીસ્ટ્રીબ્યુટર - ઉત્તર ગુજરાત
તાલુકા પ્રમાણે ડિલર આવકાર્ય છે.
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨ ૮૭૮૭૭, ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧** E-mail : gandhinagarsamachar@yahoo.com